ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## કોમીય્યત-રાષ્ટ્રીયતા

કુઑને હકીમમાં માનવ સમાજ ('મિલ્લત' યા 'ઉમ્મત') શબ્દ વર્ણિત છે. કોઈ ખાસ જાતિ આજ્ઞાપાલક અથવા ભાગીદારીનું આમંત્રણ નથી, કોઈ ખાસ જાતિનું અનુસરણ કરવાની અથવા એમાં ભળી જવાનું આમંત્રણ નથી, અને પૂર્ણ આમંત્રણ એટલા માટે કે 'મુસ્લિમ સમાજ' નામ છે એક ધર્મનું, એક શરીઅત અને પંથ જાતિ કોઈ પંથ કે ધર્મ નથી.

ઈકબાલે આ વિશે વિસ્તારપૂર્વક વિશદ વિવેચન કર્યું છે. ઈકબાલ આ રીતે શાસન-વિશ્વનો પ્રચાર કરતા હતા. એમાં ભૌગોલિક હદો નડવી ન જોઈએ. તે તો હિન્દુસ્તાન અને એશિયા, યુરોપ અને અમેરિકાને જ નહીં, સમસ્ત બ્રહ્માંડને એક વર્તુળમાં આવરી શકે છે. જગતની મજબૂતી અને સ્થિરતા માટે ઈકબાલ 'મિલ્લતે ઈસ્લામ'નો પ્રચાર કરતા હતા.

ઈસ્લામે રંગભેદ, વર્ણભેદ અને દેશભેદની વિચારસરણીને નિર્મૂળ કરીને 'એક સમાજ'નું દ્રષ્ટિબિંદુ રજૂ કર્યું છે. સમસ્ત વિશ્વના મુસલમાનો એકજ જાતિ, એક જ સમાજ છે અને આ તે (ભાઈચારો), પારસ્પરિક ભાઈચારો-સંગઠન છે. વિશ્વનો ઈતિહાસ એથી સારું ઉદાહરણ આપી શક્યો નથી.

■ .ડો.ઈકબાલ

માહે શાબાન ૧૪૪૨ એપ્રિલ- ૨૦૨૧ તંત્રીઃ મસ્ત મંગેરા

www.ssvmes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com
www.vohratimes.org
vohrasociety@yahoo.com
vohrasamachar@yahoo.com

## નમ્ર અપીલ

કૌમની માયએનાઝ એકમાત્ર આપણી શૈક્ષણિક સંસ્થા ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુરત છેલ્લાં ૭૩ વર્ષથી કૌમની વિવિધ ક્ષેત્રે સતત સેવા કરી રહી છે.

**એની મદદ લઇ હજારો લોકો દેશ - વિદેશમાં સેટલ થયા છે**

**સેંકડો વિધવાઓનો એ સહારો છે,સેંકડો બિમારોની શિફાનો ઝરીયો છે.**

કૌમના દુરંદેશ સખી વજુદોએ સ્થાપેલી આપણી સોસાયટી દિવસે દિવસે વધુ ને વધુ મદદ કરી રહી છે. અલ્હમદોલીલ્લાહ ગયા વર્ષે રૂપિયા દોઢ કરોડની ઉપર વિવિધ ક્ષેત્રે મદદકરી હતી. છેલ્લા બે વર્ષમાં સોસાયટીએ નીચે પ્રમાણેની વિગતે રૂ.૩,૧૮,૨૯,૩૧૨/- ની મદદ કરી છે.

| વિભાગ | વર્ષ : ૨૦૧૯ - ૨૦૨૦ | | વર્ષ : ૨૦૨૦- ૨૦૨૧ | |
|---|---|---|---|---|
| | લાભાર્થીઓની સંખ્યા | રકમ | લાભાર્થીઓની સંખ્યા | રકમ |
| પ્રાથમિક સ્કોલરશીપ ધો.૧ થી ૮ | ૧૧૭૦ | ૨૦,૫૭,૦૧૦ | ૯૨૦ | ૧૪,૯૫,૪૦૦ |
| સ્કુલ સ્કોલરશીપ ધો.૯ થી ૧૦ | ૩૦૨ | ૮,૮૨,૦૫૦ | ૨૪૦ | ૩,૮૭,૮૫૦ |
| હા.સેકન્ડરી - કોલેજ સ્કોલરશીપ | ૪૬૧ | ૭૬,૭૩,૩૩૦ | ૪૦૨ | ૭૮,૭૪,૨૧૫ |
| ટેકનીકલ સ્કોલરશીપ (ડ્રાઇવીંગ,ટેલરીંગ,કોમ્પ્યુટર,ટેકનીકલ) | ૦૮ | ૪૩,૪૦૦ | ૦૧ | ૪,૦૦૦ |
| દિનીયાત સ્કોલરશીપ | ૩૩ | ૫૭,૦૦૦ | - | - |
| તબિબિ સહાય | ૪૩ | ૩,૧૨,૭૫૫ | ૧૩ | ૧,૪૨,૮૦૨ |
| બેવાફંડ સહાય | ૮૩૦ | ૫૩,૬૮,૦૦૦ | ૮૫૧ | ૫૫,૩૧,૫૦૦ |
| **ટોટલ** | **૨૮૪૭** | **૧,૬૩,૯૩,૫૪૫** | **૨૪૨૭** | **૧,૫૪,૩૫,૭૬૭** |

આપ જાણોજ છો કે આપણે ત્યાં શિક્ષણ વધુ ને વધુ મોંઘુ અને ખુબ જ ખર્ચાળ થઇ રહયું છે આપણા વિદ્યાર્થીઓ પણ ઉચ્ચ શિક્ષણ ડૉક્ટર, ઇજનેર, ફાર્મસીસ વિગેરે તરફ વધુ પ્રમાણમાં જઇ રહયા છે. ત્યારે આપણા સખી સદ્‌ગૃહસ્થોની એ ફરજ થઇ પડે છે કે

**(૧) આપણો વિદ્યાર્થી નાણાંના અભાવે શિક્ષણથી વંચિત ન રહી જાય (૨) આપણો બિમાર નાણાંના અભાવે સારવારથી વંચિત ન રહી જાય (૩) આપણી બેવાઓ મદદથી વંચિત ન રહી જાય.**

જેથી આપ સાહેબ આવી રહેલા રમઝાન મુબારક માસમાં આપણી કોસંબા ખાતેની ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, સુરત ખાતેની એસ.એસ.વી. આઇ.ટી.આઇ, કોંઢ ખાતેની એસ.એમ.બદાત રેસી.સ્કુલ તથા અલ-ફલાહ ગર્લ્સ હોસ્ટેલ, ખોલવડ ને જરૂરથી યાદ કરી શકય હોય એટલી વધુ ને વધુ મદદ આપી -અપાવી સવાબે દારૈન હાસીલ કરો.

અલ્લાહતઆલા આપને હલાલ અને બરકતવાળી રોઝી આપે તથા બન્ને જહાંનમાં એનો બહેતરીન બદલો આપે.આમીન.

*શિક્ષણ પ્રેમી ને નમ્ર વિનંતી કે આપણી કૌમની દિકરી કે દિકરો ધો. ૧૧-૧૨ સાયન્સમાં હોશિયાર હોય તેવા એક વિદ્યાર્થીને દત્તક લઇ લેવા આગળ આવે એવી અપીલ.*

**-: મદદ મોકલવાનું ઠેકાણું :-**

**ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી**

**સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે, સુરત - ૩૯૫૦૦૩**

**ફોરેન બેંક એકાઉન્ટ નંબર -** UNION BANK OF INDIA, STATION ROAD BRANCH, SURAT.

BANK SWIFT CODE: UBININBBSUR, SAVING BANK A/C NO. SB-311302010006567

**દેશ (ઇન્ડિયા) માટે એકાઉન્ટ નંબર - ૩૧૧૩૦૧૦૧૦૦૩૦૦૨૫,** IFS CODE : UBIN 0531138

**યુનિયન બેંક ઓફ ઇન્ડિયા, સ્ટેશન રોડ બ્રાન્ચ,સુરત**

# વહોરા સમાચાર

▪ **હદીશ શરીફ**

**મજૂરની મજૂરી તેનો પરસેવો સૂકાય તે પહેલાં ચૂકવો.**
**એકબીજાની સાથે ભલાઈથી વર્તો- એથી ભાઈચારો વધશે.**

▪ **ચિંતન**

**તોફાનોથી જ વૃક્ષોને ઉંડા મૂળિયા મજબૂત કરવાની પ્રેરણા મળે છે.**
**ઇંતજાર ન કરશો, સારો સમય ક્યારેય નહીં આવે. જ્યાં ઉભા છો ત્યાંથી શરૂઆત કરો. ભલે સંસાધન હોય કે ન હોય. જ્યારે શરૂઆત કરી દેશો તો સારામાં સારા સંસાધન તમને આપમેળે મળતા જશે.**
**ઈબાદત દિવસની સારી શરૂઆતની ચાવી છે અને આ સારી રાતનું તાળુ પણ છે.**


**અંક : ૦૪**
**માસઃ - એપ્રિલ ૨૦૨૧**
**માહેઃ શાબાન ૧૪૪૨**
**તંત્રી : મસ્ત મંગેરા**




▪ **સંદેશ**

**એક હો મુસ્લિમ હરમકી પાસબાની કે લિયે**
**નીલ કે સાહીલસે લેકર તા નજાકે કાશગર**
**જો કરેગા ઈમ્તિયા રંગો બૂ, મિટ જાએગા**
**તૂર્કે ખિરગાહી હોય યા આઅરાબીઓ ઉલા ઝોહર**

**▪ .ડો.ઈકબાલ**

**નોંધ : તમામને એક થવાનો આદેશ.**

## ▪ તંત્રી સ્થાનેથી...!

**હવે બદલાતા સમયમાં આપણે બદલાવું પડશે.**

ભારતને આઝાદી મળેલી તે જ વરસે આપણી સોસાયટીની સ્થાપના થયેલી જેને એક લાંબા સમયનો કૌમને સેવા કરવાનો મોકો મળ્યો એ આપણા સમાજનું સદનસીબ છે. આ સંસ્થા થકી લાભ મેળવનારની સંખ્યા ઘણી મોટી છે. હવે સંસ્થાના ગરીબ બાળકોને મદદ કરવાના એમના પ્રયત્નો ટૂંકા પડે છે. જે સંસ્થાએ તમને ઉંચા શિખરે બેસાડયા એનું ઋણ ન ચૂકવીને આપણે એહશાન ફરામશો ન બનીએ એવી મારા અંતરની લાગણી છે.

**આ એટલા માટે લખું છું કે હવે સરકારે નવી શિક્ષણ નીતિ નકકી કરી છે અને તેનો અમલ થવાની તૈયારી શરૂ થઈ ગઈ છે. આ નીતિની અસર આપણા સમાજના નૌનિહાલો માટે અઘરી છે.**

અને તેમાં પણ સરકારી નોકરી મેળવવાનું કામ દુષ્કર એટલે ઘણું અઘરું થઈ જશે. દરેક ક્ષેત્રોમાંથી સરકાર પોતાનો હાથ કાઢી રહી છે. ખાનગી ક્ષેત્રોમાં આપણા સમાજને નોકરી મેળવવી ઘણી કઠિન થઈ જશે.

આજ સુધી આપણે અલગ રીતે વિચારતા હતા. હવે આપણી સોચ બદલવી પડશે અને શિક્ષણને યોગ્ય દિશામાં લઈ જવા પ્રયત્નો કરવા પડશે. સારા વિદ્યાર્થીઓ તૈયાર કરવા ખર્ચે પણ વધુ કરવો પડશે.

સરકારી મોટી નોકરીઓ મેળવવાની આશા ધુંધળી થતી જાય છે. સમય બદલાય છે. આપણે સૌએ સાથે મળી નવી તરાહ - માર્ગે શોધવા તત્પર રહેવું પડશે. એ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. અલ્લાહ પાક આપણી કમજોરી દૂર કરે એવી દુઆ સાથે.

**▪ મસ્ત મંગેરા(કાંગવઈ)**


E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991



**તંત્રી ,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ( 'મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાનઃ- નટરાજ પ્રિન્ટર્સ, ઈન્દરપુરા આંબાવાડી,સુરત**
**પ્રકાશન :- વહોરા સમાચાર, કાર્યાલય સ્થળ :- અલીબાગ,સ્ટેશન સામે, સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :- ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.**

# અલ્લાહની અદાલત

● મુસાજી દીપક બારડોલીકર

**તમે જુઠા છો:**

મુશરિકોની વિશેષ બૂરી દશા ત્યારે થશે કે જયારે તે તેમણે પોતે ઘડેલા શરિકો કહેશે કે આ સૌ જુઠા છે. કલામે પાકમાં આ વિશે કહેવાયું છે: અને જયારે મુશરિકો તેમના (ઘડેલા) શરિકોને જોશે તો કહેશેઃ આ છે અમારા શરિકો, જેમની અમે તારા સિવાય પ્રાર્થના કરી હતી. પણ તેઓ (શરિકો) તેમનો એ દાવો નકારી કાઢશે. (કહેશે) તમે જૂઠા છો.અને એ દિવસે તેઓ અલ્લાહ સમક્ષ ઝૂકી જશે. (અલ-નહલ-૧૬:૮૬-૮૭)

અને એ દિવસે શેતાન પણ શ્રધ્ધાહીનો, મુશરિકો, દુરાચારીઓને ઠુકરાવશે.કહેશે, તમારા બુરા અમલ માટે, અંજામ માટે મને નહીં તમારી જાતને દોષ દો.કલામે પાકમાં દર્શાવાયું છે કે: અને હિસાબ-કિતાબ પતી ગયા પછી શેતાન (તેમને) કહેશેઃ નિઃશંક, ખુદાએ તમને કરેલો વાયદો સાચો હતો. અને મેંય એક વાયદો કર્યો હતો, જે જુઠો હતો. મને તમારા પર કોઇ સત્તા હતી નહીં, સિવાય કે મેં તમને બોલાવ્યા અને તમે તાબેદારી કરી.માટે મને દોષ ન દો, તમારી જાતને દોષ દો. હું તમારી મદદ કરી શકતો નથી કે ન તમે મારા મદદગાર બની શકો. તમે મારા નામે જે શિર્ક ચઢાવ્યું હતું તેનો હું ઇન્કાર કરૂં છું. નિઃશંક દુરાચારીઓ માટે દર્દનાક અઝાબ છે. (ઇબ્રાહીમ-૧૬:૨૨)

અલ્લાહ તઆલા આવી દુર્દશાથી સૌને બચાવે.

**ગરદન ઉપર ઘોડા:**

ઘાલમેલ, વિશ્વાસઘાત-દગાબાજી વિશે અબૂ હુરયરહ (રદિ.) વર્ણવે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, તમારામાંના કોઇને પણ પૂનર્જીવનના દિવસે, તેની ગરદન ઉપર ઘૂરઘૂરાટી કરતો ઉંટ યા હિલચાલ કરતી ગાય યા બેં બેં કરતું ઘેટું યા હણહણતો ઘોડો ઉપાડેલી દશામાં અને એમ કહેતા હું જોવા ઇચ્છતો નથી કે: ઓ મુહમ્મદ, મારી મદદ કરો.(અને) હું કહીશઃ મારી પાસે તારા માટે કંઇ નથી. કેમ કે મેં તમને પયગામ પહોંચાડયો હતો. (બુખારી, મુસ્લિમ)

એક અન્ય હદીસમાં, કોઇની એક વેંત જેટલી જમીન દબાવી લેનારની ગરદન ઉપર સાત જમીનનો બોજ લાદવામાં આવશે એમ કહેવાયું છે.

**સૌથી વજનદાર:**

કર્મમાં સૌથી વજનદાર અમલ કયો એ પ્રશ્નનો ઉત્તર હદીસોમાં આ રીતે અપાયો છે. હઝરત અબૂ દરદા (રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, (પૂનર્જીવનના દિવસે) મૂકનારી તરાજુમાં સૌથી વજનદાર વસ્તુ સારી રીતભાત(સભ્યતા, શિષ્ટતા, વિનયવિવેક, ચારિત્ર્ય) છે. (મુસનદ અહમદ)

અબૂ માલિક અશઅરી (રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું સ્વચ્છતા (યાને પવિત્રતા) અડધું ઇમાન છે. અલ-હમ્દુલિલ્લાહ નો બોલ તરાજુ ને ભરી દે છે. (મુસ્લિમ, તિરમીઝી, મુસનદ અહમદ - હદીસનો અંશ)

અને કોલે રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ છે કે, બિસ્મિલ્લાહિર્રહમા નિર્રહીમ થી વિશેષ વજનદાર કંઇ નથી. (તિરમીઝી, ઇબ્ન માજા, મુસનદ અહમદ)

**જ્ઞાન અને જ્ઞાની:**

એક હદીસમાં જ્ઞાનની વિશિષ્ટતા દર્શાવતાં મહશરમાં એ શી રીતે ઉપયોગી થઇ શકશે તે કહેવાયું છે. ઇબ્ને અબૂ અદ - દુનિયા અનુસાર હમ્માદ ઇબ્ને ઇબ્રાહીમે સૂરહ અલ- અંબિયાની આ આયત પઢીઃ અને પૂનર્જીવનના દિવસે અમે ન્યાય તરાજુ સ્થાપિત કરીશું. અને કહયું માણસના કર્મ તરાજુના એક પલ્લામાં મુકાશે. અને ત્યાર પછી વાદળ જેવું કંઇક લાવી, બીજા પલ્લામાં મુકાશે. એ પલ્લું વજનમાં વધી જશે. તે આદમીને પૂછવામાં આવશે, જાણે છે, આ શું છે ? એ છે જ્ઞાન, જે તેં પ્રાપ્ત કર્યું હતું. અને અન્યોને શીખવ્યું હતું. અને તારા પછી તેમણે શીખવ્યું હતું.

જ્ઞાન એટલે ઉજાશ, જ્ઞાન એટલે સામર્થ્ય-શકિત, જ્ઞાન જ એક એવું તત્વ છે જે અબુધ આદમીને સાચા અર્થમાં ઇન્સાન બનાવે છે. અયોગ્યતાના જાળામાંથી વિમુકત કરી યોગ્યતાના ઉજળા પંથ ઉપર તેને ખડો કરી દે છે. આ જ્ઞાનના સંચયને અને એના ઉપયોગની આવડતને ડહાપણ કહે છે. અને ડહાપણ કોને મળે છે ? જુઓ કલામુલ્લાહ શું કહે છેઃ તે (અલ્લાહ) ઇચ્છે તેને ડહાપણ આપે છે. અને જેને ડહાપણ આપવામાં આવ્યું તેને પુષ્કળ સારાઇ મળી ગઇ. (અલ-બકરહ-૨:૨૬૯) જ્ઞાન એટલું મહત્વનુ છે કે મહશરમાં એના વિશે સવાલો કરાશે. ઇબ્ને અબૂ અદ-દુનિયા અનુસાર મુઆઝ ઇબ્ને જબલ (રદિ.) વર્ણવે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, આદમની ઓલાદ, તેને ચાર વસ્તુ પૂછવામાં ન આવે ત્યાં સુધી, ત્યાંથી પગ ઉપાડી શકશે નહિં. (તે છે) તેણે જીવન કેવી રીતે વીતાવ્યું હતું. પોતાના શરીરનો (યુવાનીનો) ઉપયોગ શેમાં (કેવાં કાર્યોમાં) કર્યો હતો. પોતાના

જ્ઞાનનો ઉપયોગ શી રીતે (શેમાં) કર્યો હતો અને તેણે ધન કેવી રીતે મેળવ્યું હતું અને તેનો ઉપયોગ શેમાં કર્યો હતો. આ જ વાત બુખારી અને મુસ્લિમની એક હદીસમાં પણ કહેવાઇ છે.

**અભણ કેમ રહયો:**

અલ્લાહ જલ્લ શાનહુની દૃષ્ટિમાં ઇમાનની જેમ જ્ઞાન પણ અતિશય મહત્વનું છે. અને તે ઇચ્છે છે કે તેનો દરેક બંદો શિક્ષિત હોય, જ્ઞાની હોય, એટલે જ તો તેણે પયગમ્બરો મોકલ્યા હતા ને! અને પયગમ્બરે ઇસ્લામ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને આ દુવા કરવાની ખાસ સુચના કરાઇ હતી કે : રબ્બિઝિદની ઇલ્મા (૨૦:૧૧૪) અર્થાત ઓ અલ્લાહ! મારા જ્ઞાનમાં વૃધ્ધિ કરઃ આ કારણો છે કે મહશરમાં જ્ઞાન, તાલીમ વિશે સવાલો કરાશે.

ઇબ્ને અબૂ અદ-દુનિયા અનુસાર માખૂલ વર્ણવે છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું ઓ કરજદાર! ઓ અબૂ દરદા! પુનર્જીવનના દિવસે તમને પૂછાશે કે તમે શિક્ષિત હતા કે અશિક્ષિત ? ત્યારે તમારી શી દશા થશે ? અગર તમે કહેશો કે તમે શિક્ષિત હતા તો પૂછવામાં આવશે કે તમારી તાલીમ વડે તમે શું કર્યુ હતું ? અને અગર કહેશો કે તમે અભણ હતા તો પૂછાશે કે અભણ રહેવા બાબત તમારી પાસે કોઇ કારણ છે ? તમે તાલીમ કેમ લીધી નહીં ?

**પહેલી પૂછતાછ:**

આપણે ઉપર જોયું તેમ મહેશરમાં માણસના જીવન,ધન, જ્ઞાન વિશે પૂછતાછ થશે. પણ તે પહેલાં થનારી પૂછતાછ નમાઝ વિશેની હશે. હઝરત અબૂહુરયરહ (રદિ.) વર્ણવે છે કે મેં અલ્લાહના પયગમ્બર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને આમ કહેતા સાંભળ્યા છેઃ માણસને સૌ પ્રથમ નમાઝ વિશે પૂછવામાં આવશે. અગર તેની નમાઝ ઠીક હશે તો તેના સૌ અમલ ઠીક હશે. અને અગર તે ભ્રષ્ટ હશે તો સૌ અમલ ભ્રષ્ટ, (ફત્હ અલ-કબીર, તિરમીઝી, નસાઇ,મુસનદ અહમદ-હદીસનો અંશ)

અને અલ્લાહની અદાલતમાં પેશ થનારો પ્રથમ કે ખૂન વિશેનો હશે, અબ્દુલ્લાહ ઇબ્ને મસુદ (રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસુલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું પુનર્જીવનના દિવસે લોકો વચ્ચે જે બાબતનો પહેલો ફેંસલો કરાશે તે ખૂનરેજી વિશેનો હશે. (મુસનદ અહમદ)

સૈયિદિના અબૂ દરદા (રદિ.) વર્ણવે છેઃ જેનું ખૂન કરાયું હશે તે, પુનર્જીવનના દિવસે રસ્તાની વચ્ચે બેસી જશે. અને ત્યાંથી પસાર થનાર ખૂનીનો ગિરેબાન પકડીને કહેશે, ઓ માલિક! પૂછો આ માણસને, એણે મારી હત્યા શા માટે કરી હતી ? તે (ખૂની) કહેશે કે એક માણસે તેને એમ કરવાનો હુકમ કર્યો હતો. અને આમ અંતે તેમને જહન્નમમાં નાંખવામાં આવશે.

**વિશ્વાસઘાતી, ધર્મત્યાગી:** અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસુલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લે કહયું : પુનર્જીવનના દિવસે પ્રત્યેક વિશ્વાસઘાતી (બેવફા-દગાબાજ) ના માથા પર ચોખ્ખી રીતે જોઇ શકાય એવી એક ધજા હશે,જેના પર લખ્યું હશે. આ ફલાણાનો દીકરો ફલાણો મણાસ છે. (બુખારી, મુસ્લિમ)

અને ધર્મત્યાગ કરનારાઓની કમબખ્તી કે તેમને હોજે કૌસર પરથી હાંકી કાઢવામાં આવશે. સૈયિદિના અબૂ હુરયરહ (રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, પુનર્જીવનના દિવસે મારી ઉમ્મતના કેટલાક લોકો મારી પાસે આવશે, પણ તેમને હોજે કવસર નજીક આવતાં રોકી દેવામાં આવશે,હું કહીશઃ ઓ માલિક, એ મારા માણસો છે પણ તે (અલ્લાહ) કહેશેઃ તમે નથી જાણતા કે તમારા પછી એમણે (ધર્મમાં) શું દાખલ કર્યું હતું. તેઓ પાછા વળી ધર્મત્યાગ કરી .

**અને અંતે :**

તાત્પર્ય કે મહશરમાં લાગનારી અલ્લાહની અદાલતમાં ભાતભાતના અનેકાનેક કેસોના ફેંસલા કરાશે. નિષ્પક્ષ -ન્યાયી ફેંસલા, કોઇનેય જરા જેટલો અન્યાય કરાશે નહીં જેવા કર્મ તેવો બદલો. અહીં સફળ તેઓ થશે કે જેમણે ઇમાન ધારણ કર્યુ હશે. અને સચ્ચાઇ પૂર્વક સદાચારી જીવન ગુજાર્યું હશે.અલ્લાહ અને તેના રસુલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ચીંધેલા પંથે ચાલતા રહયા હશે.અને એ સિવાય તે ઇમાનવાળા કે જેમનું જીવન દુરાચાર,નાનામોટા ગુનાઓથી ભ્રષ્ટ થયેલું હશે તેમણે તે માટે યોગ્ય શિક્ષા ભોગવવી પડશે.

અને ઇમાનહીનો, અલ્લાહના એકત્વનો ઇન્કાર કરનારા મુશરિકો તથા ધાર્મિક દંભીઓ કાવતરાબાજોનો સંબંધ છે ત્યાં સુધી તે સૌનો અંજામ અત્યંત બૂરો હશે.એ સૌ શેતાનના સાગરીતો વિશે કલામે ઇલાહીમાં ફરમાન છેઃ અને એવા સૌના માટે જહન્નમ વચનબધ્ધ (promised) જગ્યા છે. (અલ-હઝર-૧૫:૪૩)

# વિચાર વિનિમય - અહમદ ગુલ

હમ દેખેંગે...

ઉર્દૂના જગ વિખ્યાત શાયર ફૈઝ અહમદ ફૈઝની આ જગ પ્રસિધ્ધ ક્રાંતિકારી નજમને એક યા બે પાનામાં સમજવી કે સમજાવવી અતિ મુશ્કેલ છે. એને ગહનતાથી સમજવા માટે તો પાનાનું બંધન ન હોય તો જ શકય બને. છતાં આ મર્યાદિત પાનામાં એને સમજવાનો યથાર્થ પ્રયાસ કરીએ. જો કે એમાં એક ભય સમાયેલો છે કે કયાંક આ અદભૂત નજમ સાથે નાઈન્સાફી તો ન થઈ જાય ને ?

ખેર ! આ નજમ દ્વારા ફૈઝ સાહેબે જગતની દબાયેલી, કચડાયેલી પીડિત પ્રજા માટે એક આશા અને ઉમ્મીદનો સંદેશ આપ્યો છે. આપણે વિગતે જોઈએ.

હમ દેખેંગે, હાં હમ દેખેંગે
લાઝિમ હે કે, હમ ભી દેખેંગે
વો દિન કે, જિસ્કા વાદા હૈ
જો લોહે અઝલ પે લીખા હૈ. હમ દેખેંગે...

અમે એ દિવસને જોઈશું અને જરૂર જોઈશું. જેનો વાયદો કરવામાં આવ્યો છે. જે લોહે અઝલમાં એટલે કે, બુક ઓફ ડેસ્ટીનીમાં જે સમયે જે થવાનું છે, જેની શરૂઆતથી અંત સુધીનું બધું જ લખી દેવામાં આવ્યું છે. અને એ જ સનાતન સત્ય પણ છે. જે પ્રમાણે ગરમી પછી ઠંડી, રાત પછી દિવસનું આગમન જેટલું સત્ય છે તેટલો જ આ વાયદો પણ સત્ય છે. અને જે કહેવામાં આવ્યું છે તે થઈને જ રહેશે. શું થઈને રહેશે તે આપણે જોઈએ.

જબ જુલ્મો સિતમ કે કોહેગરાં
રૂઈ કી તરહ ઉડ જાયેંગે
હમ મહકુમો કે પાંવ તલે
યે ધરતી ધડ ધડ ધડકેગી
ઔર એહલે હકમ કે સર ઉપર
જબ બીજલી કડ કડ કડકેગી. હમ દેખેંગે...

અને તે સમયને જોઈશું. જયારે જુલ્મ-સિતમના પહાડો (કોહેગરા)રૂની માફક ઉડી જશે. એટલે કે જુલ્મનો ખાત્મો થશે. જેના ઉપર સત્તા ચલાવવામાં આવે છે તે (મહકુમો)ઉઠશે. જેઓ જુલ્મ સિતમના ભોગ બનેલા છે તેઓ જાગશે. પોતાના હક માટે ઉઠશે, ત્યારે તેમના કદમોથી ધરતી ધ્રુજી ઉઠશે અને સત્તાધીશો(એહલે હકમ) પર વિગ્રહની, આંદોલનની વીજળી ત્રાટકશે અને જાલિમોની બૂરી દશા થશે. તે દિવસ અમે જરૂર જોઈશું.

જબ અર્ઝે ખુદાકે કાબેસે, સબ બુત ઉઠવાયે જાયેંગે
હમ એહલે સફા, મરદુદે હરમ, મસ્નદ પે બિઠાયે જાયેંગે
સબ તાજ ઉઠા લે જાયેંગે
સબ તખ્ત ગિરાયે જાયેંગે. હમ દેખેંગે...

અર્ઝે ખુદા એટલે ખુદને ભ્રામિક ખુદા હોવાનો દાવો કરનારાઓ લોકો પર જુલ્મ કરી રહયા છે. એ બની બેઠેલા ખુદાઓ-જુલ્મગારો હાકેમોનો ભ્રમ તોડી નાંખવામાં આવશે. તેમની સત્તા છીનવી લેવામાં આવશે. તેની જગ્યાએ એ ગાદી(મસ્નદ) પર સાચા અને ઈમાનદાર (એહલે સફા) પાક અને પવિત્ર લોકોને સત્તા આપવામાં આવશે અને જુલ્મી સત્તાનો અંત આવશે. તેમના તાજો તખ્ત છીનવાઈ જશે. લાયક સેવાભાવિઓ સત્તાધારણ કરશે ત્યારે ખરા અર્થમાં લોકતંત્રની સ્થાપના થશે. જયાં બધાને સમાન ગણવામાં આવશે. કોઈ ઉંચ નીચ ન હશે. કોઈ ચઢિયાતું કે ઉતરતું ન હશે ત્યારે કચડાયેલી પીડિત પ્રજા માટે સોનેરી દિવસ ઉગશે. જેનો ઈન્તેઝાર છે તે દિવસ અમે ખચિત જોઈશું. સાહિર લુધિયાનવીએ પણ કંઈક એવી જ ઝંખના કરી હતી.

વો સુબ્હ કભી તો આયેગી

આ આશા જત્તાવતી નજમમાં એક એવા લોકરાજની ઝંખના કરવામાં આવી છે જે ખરા અર્થમાં લોકતંત્ર હશે. કોઈ તાનાશાહ જુલ્મગાર પ્રજાનો માલિક ન બનશે તે દિવસ જરૂર આવશે અને અમે તે જોઈશું.

ભારતના મુસ્લિમો અસુરક્ષા અનુભવી રહયા છે.

હાલમાં ભારતના છેલ્લા ઉપ રાષ્ટ્રપતિ હમીદ અન્સારીએ એક ટીવી ચેનલને આપેલ ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીની સાથે જ ભારતને કટ્ટર રાષ્ટ્રવાદી દેશ બનાવવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. ૨૦૧૯ની ચૂંટણી પછી આ પ્રક્રિયા ચરમસીમાએ પહોંચી હતી. મુસ્લિમો પોતાને અસુરક્ષિત અનુભવી રહયા છે. રિપોર્ટર કરણ થાપર(ધ વાયર)સાથેના ઈન્ટરવ્યુમાં તેમણે આ વાત જણાવી હતી. કટ્ટર રાષ્ટ્રવાદ ભારતને અસહિષ્ણુ-ઘમંડી અને અસુરક્ષિત કરે છે.

હાલમાં પ્રગટ થયેલ હામીદ અન્સારીની આત્મકથા( મેની એ હેપ્પી એકિસડેન્ટ, રીકલેકશન્સ ઓફ એ લાઈફ) ના પ્રકાશન પ્રસંગે તેમણે કહયું હતું કે, ૨૦૧૯ના પરિણામો આપખુદ રાષ્ટ્રવાદ, બહુમતવાદના આધારે લોકપ્રિયતાની સફળતા દર્શાવે છે. તેમણે જણાવ્યું હતું કે ૨૦૧૯ ભારત માટે ખરા અર્થમાં એક ટર્નિંગ પોઈન્ટ સમાન છે. જેને કટ્ટર રાષ્ટ્રવાદ કે અકઢડ રાષ્ટ્રવાદ તરીકે પણ ઓળખવામાં આવે છે. આજે આ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ ભારતના સંસ્થાપક પિતામહના નાગરિક રાષ્ટ્રવાદથી અલગ છે. જેમણે ૧૯૪૭માં ભારતને આઝાદી અપાવી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આપણા બંધારણના સિધ્ધાંતો અને મૂલ્યો પ્રત્યેની આપણી પ્રતિબધ્ધતા નબળી પડી રહી છે અને ઓસરી પણ રહી છે. તેમણે કહયું કે સેકયુલરીઝમ શબ્દ જ સરકારના સત્તાવાર શબ્દકોષમાંથી અદ્રશ્ય થઈ ગયો છે. તેના સ્થાને હાલ એક ધાર્મિક બહુમતીની પ્રાથમિકતા થોપવા માટેના રાજકીય, વૈચારિક પ્રયાસો ચાલી રહયા છે.

આ બધી પરિસ્થિતિની ભારતના લઘુમતિઓ ઉપર કેવી અસર થાય છે તે સમજાવતા હામિદ અન્સારીએ જણાવ્યું હતું કે, ભારતના લઘુમતિઓ ખાસ કરીને વસ્તીના ૧૫ ટકા એવા મુસ્લિમ અસુરક્ષા અનુભવી રહયા છે. સરકાર પાસેથી ન્યાય મેળવવા માટેનો વિશ્વાસ હવે ખલાસ થયો છે. મુસ્લિમોને સેકન્ડ કલાસ સિટીઝન ગણવામાં આવે છે અને આવી જ અનેક પ્રક્રિયાની શરૂઆત થઈ ચૂકી છે. ૨૦૧૪માં જયારે બીજેપી સરકાર કેન્દ્રમાં આવી ત્યારે વડાપ્રધાન મોદીના હામીદ અન્સારી સાથેના સંબંધોમાં ખટાશ જોવા મળી રહી હતી. હામીદ અન્સારી ચાર દાયકા સુધી કોર્પોરેટ રહયા છે અને મુશ્કેલીના સમયમાં યુએનમાં ફરજ બજાવી ચૂકયા છે.

**(ગુજરાત ટૂડે ન્યુઝપેપરમાંથી ટૂંકાવીને)**

**<u>હદીસ શરીફ</u>**

અલ્લાહ તઆલા ફરમાવે છે કે, જે માણસે મારી મખ્લુકાતમાંથી કોઈ એવા અશકત અને લાચાર માણસ સાથે ભલાઈ કરી, જેને કોઈનો સહારો ન હોય, તો એવા બંદાની મદદનો ઝિમ્મેદાર હું છું.

***

અલ્લાહ તઆલા ફરમાવે છે કે, જે માણસે મારી મખ્લુકાતમાંથી કોઈ એવા અશકત અને લાચાર માણસ સાથે ભલાઈ કરી, જેને કોઈનો સહારો ન હોય, તો એવા બંદાની મદદનો ઝિમ્મેદાર હું છું.

***

# ...તઅલીમ અને તરબીયત...

આજે ઔધોગિક કક્ષાએ નવીન ટેકનોલોજી અને નવીન ઉત્પાદન પધ્ધતિઓ અસ્તિત્વમાં છે અને બજાર પ્રક્રિયાનું અસ્તિત્વ વિસ્તરી રહ્યુ છે અને શિક્ષણ સંસ્થાઓનો વ્યાપ વધવાની સાથે શિક્ષણનું સ્તર વધી રહ્યુ છે. એવી ઘણી ડિગ્રી કોલેજો જયાં પહેલાં પંખીઓ પણ ફરકતા ન હતાં એવી શિક્ષણ સંસ્થાઓ આજે ધમધોકાત ચાલે છે. દુન્યવી શિક્ષણની સાથે સાથે દીની દર્સગાહોનું પ્રમાણ વધવાને કારણે દીની તઅલીમનો વ્યાપ પણ વધ્યો છે. પણ અહીં ચર્ચાનો મુદ્દો એ છે કે દુન્યવી અને દીની શિક્ષણનો વ્યાપ વધી રહયો છે પણ એના સામે પક્ષે તરબીયતનો ગ્રાફ નીચો જઇ રહયો છે.

ઉચ્ચ શિક્ષણ વધી રહ્યુ છે ત્યારે શિક્ષણ થકી જે આદર્શો અને જીવનમૂલ્યો પ્રાપ્ત થવા જોઇએ તેનો દૂકાળ પડયો છે. દીની શિક્ષણ વધ્યુ હોવા છતાં અદબ અને એહતેરામનો ગ્રાફ સતત નીચે જઇ રહયો છે. મારા સમાજનાં વાલી મિત્રો અને વડીલો અને શાળાકક્ષાનાં શિક્ષક મિત્રોએ આ તરફ ધ્યાન આપવાની તાતી જરૂર છે. અને સમયાંતરે આપણા સમાજનાં માનવંત ઉલમાએ કિરામ અને લાગણીશીલ વડીલો આપણને જે તરબીયત વિશે જે માર્ગદર્શન આપે છે એનાં પર અમલ કરવાની અત્યંત આવશ્યકતા ઉભી થઇ છે. જો હમણાંથી જ આ બાબતમાં ગોરો ફિકર ન કરવામાં આવશે તોએનાં માઠાં પરિણામ આપણે જરૂર ભોગવવા પડશે.

શિક્ષણનાં નામે સંસ્કાર ભવનો ઠેર-ઠેર ઉભા કરાયા છે પણ સંસ્કાર મૂલ્યોનું પતન થઇ રહ્યુ છે.દર બે પાંચ ગામનાં અંતરે દીની દર્સગાહ છે પણ નબી (સ.અ.વ.)ની સુન્નતોની મોહબ્બત અને સુન્નતોની પેરવી અને તેની મહત્વતા આમ લોકોમાંથી રૂખ્સત થઇ રહી છે. જે આપણા વિનાશનો ઘંટ વગાડશે. તે વાતમાં બે મત નથી.

માનવ જીવનનાં પ્રારંભિક તબકકાથી જ બાળક સમાજનાં ધોરણો, મૂલ્યો, આદર્શો જેવી અમૂલ્ય અને આ સાંસ્કૃતિક બાબતોને આત્મસાત કરવા માટે પ્રયત્નશીલ હોય છે.ખાસ કરીને અન્યોનાં અનુકરણથી શીખીને જ ભાવી જીવનમાં વ્યકિત તરીકેની ભૂમિકા ભજવવાં માટે તે તૈયાર થતો હોય છે. બાલ્યાવસ્થામાં બાળકમાં અજ્ઞાનતા, અણસમજ અને ચંચળતા હોય છે.આ અવસ્થામાં સમાજનાં કે કાયદાનાં ધોરણથી વિરૂધ્ધ વર્તન જોવાં મળે ત્યારે તેવાં બાળકોનાં આવા સમાજ વિરોધી વર્તનો આપણને બાળ અપરાધ વિશે વિચાર કરવા માટે પ્રેરે છે. અને જો બાળકને યોગ્ય સમયે કઇક ખોટું કરવાથી રોકવામાં ન આવે તો તે બાળઅપરાધમાં પ્રવેશ કરે છે અને તે સમયે પણ જો એની લગામ કસવામાં નહી આવે તો તે સમાજમાં રીઢા ગુનેહગારનું સ્વરૂપ ધારણ કરી લે છે.

વર્તમાન સમયમાં વડીલો અને ઉસ્તાદો સાથે બદતમીઝી હવે આમ બાબત થઇ ગઇ છે. અને આ દરેકે દરેક શાળા કોલેજો માટે સામાન્ય બાબત થઇ ગઇ છે. આજે દરેક શાળા કોલેજોમાં શિક્ષકો , મદારીસમાં અસાતીઝા હઝરાત અને ઘરમાં વડીલો આ સંદર્ભે ચિંતિત છે. ઘર ઘરની આ શિકાયત છે કે છોકરા કહ્યામાં નથી. માતા પિતા બિચારા પોતાની જ અવલાદ પાસે પોતાની ઇઝઝતની ભીખ માંગે છે. મારા એક સંશોધન પ્રમાણે કહું તો જયારથી મદારીસમાં અસાતીઝા અને શાળામાં શિક્ષકોએ લાકડી મૂકી છે ત્યારથી સમાજમાં અસામાજિક તત્વોએ બંદૂકો ઉપાડી છે. ટૂંકમાં ક્રાઇમમાં ઝડપી વધારો થયો છે. બની શકે કે તમે મારી આ વાત સાથે સહમત ન પણ થાઓ. આજે લગભગ જેઓ મારી હમઉમર છે તે અને જે આપણા પણ વડીલો છે તે સહુ જાણે જ છે કે આપણે આપણા વિધાર્થીકાળ દરમિયાન કેટલીયે સજાઓ ભોગવી છે અને આપણા ઘરેથી કોઇ

કમ્પલેઇન આવતી ન હતી અને આ કારણે જ આપણું બાળપણ અને આપણું જીવન સચવાઇ ગયું. આજે તો બાળકને શાળા કોલેજો અને મદારીસોમાં જો મામુલી સજા પણ કરી દીધી હોય તો હોબાળો થઇ જાય છે. વાલીઓએ આ બાબત વિશે ખૂબ સજાગ થવું પડશે.આપણા બાળકોમાં માનવ મૂલ્યો કેળવાય તે અર્થે આપણે બાળકોને મદારીસ અને મકાતીબમાં મોકલીએ છીએ. તો પછી આપણે કેમ આધુનિકતાની ચાલ ચાલીએ છીએ! શાળા કોલેજોની કાર્યપ્રણાલી છોડો અને આપણા બાળકો ઉચ્ચ માનવમૂલ્યો પ્રાપ્ત કરે તે માટે કટિબધ્ધ થઇએ.

સમાજે બનાવેલા નિતિ નિયમો , આદર્શો અને સિધ્ધંતોને જ્યારે સમાજ સભ્યો અનુસરે છે ત્યારે તે સમાજમાં માન મરતબો મેળવે છે. અને સમાજે બનાવેલાં આ સિધ્ધાંતો સમાજ સ્વિકાર્ય હોય છે. જયારે કોઇ વ્યકિત સમાજના આદર્શોનું ઉલ્લંઘન કરે છે ત્યારે તેવાં વર્તનને સામાજિક ધોરણભંગ વર્તન કહે છે. અને સામાજિક ધોરણ ભંગ વર્તન એ સમાજમાં અસ્વિકાર્ય છે. જે સમાજમાં અંધાધૂંધિ અને અરાજકતા ઉભા કરે છે. સંતુલિત માનવ વ્યવહારો અને સામાજિક પરંપરાઓ અને તથ્ય રીતભાત ધ્વારા સમાજમાં સાનુકૂળ માનવ મૂલ્યોનું પ્રસ્થાપન થાય છે અને એક સમાજ સભ્ય તરીકેની વ્યકિતની એક સન્માનીય છાપ ઉભી થાય છે.

સાંપ્રત સમયમાં શિક્ષણ અને તઅલીમનો વ્યાપ અલ્હમદુલિલ્લાહ વધ્યો જ છે પણ સમગ્ર સમાજમા તરબીયતનો જાણે કે દૂકાળ પડયો છે. તમામ શૈક્ષણિક ક્ષેત્રોમાં આજે તરબીયતનાં નામે આપણે શૂન્ય છીએ. આપણી સંસ્થાઓમાં પણ આજે આપણે ઇસ્લામી અકાઇદ અને ઇસ્લામી જીવનશૈલીને બાળકોમાં પૂર્ણપ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ નિવડયા છીએ. આજે આપણું જ બાળક આપણી નજરની સામે જ ઇસ્લામી અકાઇદ અને અને ઇસ્લામી તેહઝીબથી દૂર થઇ રહ્યુ છે. આજે આપણા જ ઘરોમાંથી ઇસ્લામી સિધ્ધાંતો લુપ્ત થઇ રહ્યા છે. આપણા મુસ્લિમ સમાજમાં વૃધ્ધા આશ્રમો નથી , ઓલ્ડ એજ હોમ નથી એ ગર્વની બાબત છે પણ હું દરેકને પ્રશ્ન પુછવા માંગુ છું કે આપણા કેટલાં ઘરોમાં માતા પિતાની ઇઝઝત અને એહતેરામ થાય છે? કેટલાં ટકા વૃધ્ધ માતા પિતાને પોતાના જ ઘરમાં માન મરતબો પ્રાપ્ત છે? કેટલાં ટકા અવલાદો મા-બાપની તાબેદાર અને ફરમાબરદાર છે? હું માનું છું ત્યાં સુધી મારે જવાબ આપવાનો રેહતો નથી.

આધુનિકતાની એટલી તો ભાગદોડ મચી છે અને એટલી બુમરાણ પડી છે કે એ આંધળી દોડ માં આપણને કશું સુજયુ જ નથી.આનો સીધો અર્થ એ થયો કે આપણે વેલ એજયુકેટેડ તો થયાં છીએ પણ વેલ કેરીંગ પીપલ બની શકયા નથી. આ કોઇ ટોન્ટ નથી , કોઇ કોમેન્ટ પણ નથી, પણ આ એક નરી વાસ્તવિકતા છે. અને એ આપણા સહુ સમક્ષ આ વાત એટલા માટે કરવી પડે કે હવે આ દિશામાં પગલા લેવાની તાતી જરૂર છે. અને તે માટે...

.. ઉલમા હઝરાત આપણા બાળકોની તરબીયત માટે જે માર્ગદર્શન આપે તેનો કડકપણે અમલ કરવામાં આવે.

.. આપણી દીની દર્સગાહો અને દુન્યવી શૈક્ષણિક સંસ્થાઓમાં ઇસ્લામી તેહઝીબ અને આદર્શોનું યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે.

.. આપણી સંસ્થાઓમાં તઅલીમની સાથે સાથે તરબીયતની પણ ફિક થાય તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવે.

.. વેલ એજયુકેટેડ બનાવવાની સાથે જ બાળક વેલ કેરીંગ પણ બને તેની ફિક કરવામાં આવે.

ન સમજોગે તો મીટ જાઓગે એ મુસલમાનો,
તુમ્હારી દાસ્તાઁ તક ન રહેગી દાસ્તાઁનોમે.

(પટેલ મ.સાલેહ મ.હુશેન -નૂર ચિંડીયાતવી..)

# હેલ્થ ટીપ્સ

-ડૉ.આઇ.વાય.વેડછીયા (એમ.એસ.)



## Eligibility : શક્યતા :

- ખુબ હળવા / હળવા / પુર્વ સુચક Covid-19 કેશ
- 24 x 7 ચિકિત્સક સાથેની વાતચીત સંભાળ રાખવાની સેવા
- એકલતાનો સમયગાળો ૧૭ દિવસ
    - ૧૦ દિવસ ડોક્ટર દેખરેખ હેઠળ
    - ૭ દિવસ સ્વ નિરીક્ષણ

## કોરોના ના લક્ષણો :

- તાવ મુખ્ય લક્ષણ
- સામાન્ય તાવથી લઈને ભારે તાવ
- ક્યારેક તાવ સાથે ઠંડી લાગવી
- શરદી, ખાંસી, કફ
- શ્વાસ લેવામાં તકલીફ
- શરીરનો દુઃખાવો
- માથાનો દુઃખાવો
- કમરનો દુઃખાવો
- સુગંધ ના આવવી
- સ્વાદના આવવો
- ઉલ્ટી - ઉબકા થવા
- પેટ ભારે લાગવું
- કમજોરી લાગવી
- ભુખના લાગવી
- ઝાડા થવા

## જયારે હોસ્પિટલમાં દાખલ કરવા માટે :

- શ્વાસ લેવામાં તકલીફ થાય ત્યારે
- છાતીમાં દબાણ થાય અથવા દુઃખાવો થાય ત્યારે
- માનસીક મુંજવણ
- હોઠ અને નખ ભુરા પડવા

## દર્દી માટે સલાહ સુચન :

- પુરો સમય ૩ લેયરવાળુ માસ્ક પહેરવું, ૮ કલાક પછી માસ્ક ફેંકી દેવું અથવા ભીંજાય કે ખરાબ થાય તો પણ ફેંકી દેવું. માસ્ક ને ઈન્ફેક્શન મુક્ત કરવા 1% Sodium Hypochlorite નો ઉપયોગ કરવો.
- દર્દીને શૌચાલય અને બાથરૂમવાળા રૂમ માં રાખવો અને તેને ઘરના સદસ્યથી અલગ રાખવો.
- દર્દીએ અને દર્દીની સારવાર કરનાર વ્યક્તિએ વારંવાર સાબુ અને પાણીથી હાથ ધોવા અથવા આલ્કોહોલ વાળા સેનેટાઈઝર થી સેનિટાઈઝ કરવા.
- પુરો દિવસ સંપુર્ણ આરામ કરવો.
- દર્દીની કોઈપણ વસ્તુ ઘરના કોઈપણ સદસ્યએ ઉપયોગમાં લેવી નહી.

- દર્દીના રૂમની સફાઈ જેવી કે દરવાજા, હેન્ડલ, ટેબલ કે અન્ય સરફેસ એરીયા ને 1% Sodium Hypochlorite થી સાફ કરવા
- દર્દીએ મિત્રો કે ફેમીલી મેમ્બર સાથે વિડિયો કોલ કે ફોન સાથે જોડાયેલા રહેવું.
- દર્દીએ ટીવી, ચોપડીઓ, વિડીયો ગેમ રમવી અને વારંવાર પ્રાર્થના કરવી.
- દર્દીએ ચિકિત્સકની સલાહ અને દવાઓ સખત રીતે અનુસરવા
- ઘરે ડિજીટલ થર્મોમિટર અને પલ્સ ઓકિસમીટર વસાવી લેવુ. દર ૪ થી ૬ કલાકે શરીરનું તાપમાન અને ઓકિસજનનું પ્રમાણ (sp02) ચેક કરવું અને ચાર્ટ તૈયાર કરવો.
- દર્દીએ પર્યાપ્ત હાઈડ્રેશન માટે પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લેવું જેવુ કે ગરમ પાણી, સુપ, જયુશ, ટી, ગ્રીન ટી વગેરે
- દર્દીને કેલરીની વધુ જરૂરીયાત હોવાથી આહાર જેટલો બને તેટલો વધારે લેવો.
- દર્દીએ દુધ, દાળ, કઠોળ, લીલા શાકભાજી, ઈંડા પર્યાપ્ત પ્રમાણમાં લેવા.
- દર્દીનું ગળુ સુકુના રહે તેના માટે મધ, આદુ, ગ્રીન ટી, ગરમ હળદર વાળુ દુધ પીવુ.

## Care Taker : કાળજી રાખવા વાળી વ્યકિત માટે :

- દર્દીના રૂમમાં અથવા બહાર હોય ત્યારે પુરો દિવસ ૩ લેયર વાળુ માસ્ક પહેરવું અને ૮ કલાક પછી ફેકી દેવુ. અને વારંવાર સાબુ અને પાણીથી હાથ ધોવા.
- દર્દીના રૂમમાં જાઓ ત્યારે દર્દીથી ૧ મીટરનું અંતર રાખવું અને તેની કોઈપણ વસ્તુ મોજા પહેર્યા વગર અડવી નહી.
- દર્દીની કોઈપણ વસ્તુ બીજા લોકોએ ઉપયોગમાં લેવી નહી જેમકે ટોવેલ, બેડ શીટ, વાસણ પછી તેને સારી રીતે સાબુ અને ડિટર્જન્ટથી સાફ કરવી.
- જે પ્રમાણે મેડિસીન આપેલી હોય તેને ટાઈમ ટુ ટાઈમ લેવી.
- ઘરે ડિજીટલ થર્મોમિટર અને પલ્સ ઓકિસમીટર વસાવી લેવુ. દર ૪ થી ૬ કલાકે શરીરનું તાપમાન અને ઓકિસજનનું પ્રમાણ (sp02) ચેક કરવું અને ચાર્ટ તૈયાર કરવો.
- Hydroxychloroquine Prophylaxis દર્દી અને તેના ફેમિલી મેમ્બરને આપવી જરૂરી છે.

# Stay Home, Stay Safe

## Mild Covid-19 with No Respiratory Symptoms

1. **Cap. PANTOCID DSR**
   10 દિવસ — 1 - 0 - 1 — સવાર / સાંજ — જમ્યા પહેલા
2. **Tab. AZITHROMYCIN 500mg.**
   6 દિવસ — 1 - 0 - 0 — સવારે — જમ્યા પછી
3. **Tab. SYNBETA 1000mg (ALNICHE LIFE)**
   10 દિવસ — 1 - 0 - 1 — સવાર / સાંજ — જમ્યા પછી
4. **Tab. KARE - C (KARE PHARMA) Vitamin C+Zinc**
   10 દિવસ — 1 - 0 - 1 — સવાર / સાંજ — જમ્યા પછી ચુસવાની
5. **Tab. MASHYNE 60K Or Kare D3 60k**
   1 મહિનો — દર અઠવાડીયે 1 Tab દુધ સાથે — જમ્યા પછી
6. **Tab. HCQS (HYDROXYCHLOROQUIN)**
   1 દિવસ — 2 - 0 - 2 — સવાર / સાંજ — જમ્યા પછી
   પછી 4 દિવસ — 1 - 0 - 1 — સવાર / સાંજ — જમ્યા પછી
7. **Tab. INVERMEET 12mg**
   3 દિવસ — 0 - 1 - 0 — બપોરે — જમ્યા પછી
8. **Tab. FOLIC ACID 5mg**
   10 દિવસ — 1 - 0 - 0 — સવારે — જમ્યા પછી
9. **Tab. DISPRIN 100mg (ASPIRIN)**
   10 દિવસ — 0 - 0 - 1 — સાંજે — જમ્યા પછી
10. **BLACK SEED OIL**
    10 દિવસ — 1/2 - 1/2 - 1/2 (spoon) સવાર / બપોર / સાંજે — જમ્યા પછી
    એક ગ્લાસ ગરમ પાણીમાં અડધી ચમચી નાખીને પિવુ
11. **GLUTABEST SACHET (ALNICHE LIFE)**
    10 દિવસ — 0 - 1 - 0 — બપોરે — જમ્યા પહેલા
    એક ગ્લાસ પાણીમાં

### અંધશ્રધ્ધા કદાપિ નહીં



મુહમ્મદ પયગમ્બર (સલ.) એ ફરમાવ્યું.

''જેઓ અપશુકનમાં નથી માનતા, મંત્ર નથી કરાવતા, દાગ(ડામ) નથી લગાવડાવતા પરંતુ પોતાના સર્જનહાર (અલ્લાહ) ઉપર સંપૂર્ણ ભરોસો રાખે છે. તેવા લોકો વગર હિસાબે સ્વર્ગમાં દાખલ થશે.'' (હદિષ : બુખારી)

''સર્જનહાર તમારી મદદે હોય તો કોઈ તાકાત તમારા ઉપર વર્ચસ્વ મેળવી શકશે નહીં અને તે તમને છોડી દે તો તેના પછી કોણ છે જે તમારી મદદ કરી શકતો હોય ? તો જે સાચા ઈમાનવાળા છે તેમણે સર્જનહાર ઉપર જ ભરોસો રાખવો જોઈએ.'' (કુર્આન - 3 : 160)

### પાણી ન વેડફો



વુઝૂ કરી રહેલા સઅદ (રદી.)ને મુહમ્મદ (સલ.) એ કહ્યું
''સઅદ ! આ શું વેડફી રહ્યા છો ?''
સઅદ (રદી.) એ કહ્યું
''શું વુઝૂમાં પણ વેડફવું હોય છે ?''
આપ (સલ.) એ ફરમાવ્યું :
''હા, તમે વહેતી નદીના કિનારે જ કેમ ન બેઠા હોવ'' (હદિષ : અહમદ, મિશ્કાત)

'વુઝુ' એટલે નમાઝ પઢવા પહેલા શુધ્ધ થવા માટે હાથ, મોઢું અને પગને ધોવું અને માથા ઉપર હાથને ગોળ ફેરવવો.

# એક તણખલાની વાત

● હનીફ નાડત - કોંઠ

પંખી ના માળા જેવું સુંદર ગામ. ગામને પાદરેથી એક સુંદર નદી વહે.. ચારેક હજારની વસ્તી વાળા આ ગામમાં બધી વરણના લોકો સંપીને રહે. ચુટણીઓ આવે ત્યારે ગામમાં થોડો ઘણો ગરમાવો આવે પણ અંત તો હેમ નું હેમ... મતલબ સંપીલુ ગામ.

ગામના પાદરે એક લીંબડાના વૃક્ષ હેઠળ એક વિશાળ ચોરો,આ ચોરા ઉપર સવાર-સાંજ વૃધ્ધો બેસીને પોતાનો વખત પસાર કરે. કયારેક નવયુવાનો પણ આ ચોરે બેસી મોબાઇલ મચડતા રહે. ગામમાં દિવસમાં ચાર-પાંચ એસ.ટી બસ પણ આવે એ પણ આ ચોરા હેઠળ ઉભી રહે. ગામમાં કોણ આવ્યું કોણ ગયુ, કોને ત્યાં શું થયું આવી આવી ચર્ચાઓ સાંભળવી હોય અને નવરાશ હોય તો ગામના લાકો ચોરે બેસવા અચુક આવે. આજે પણ સવાર-સવારમાં ગામના એ ચોરે વૃધ્ધોની મહેફિલ જામી હતી. એમાનો એક બોલ્યો સાંભળ્યું આપણા હુશૈન ચાચાનો મકબુલ્યો એના માવતર ને હજ પઢવા લઇ જઇ રહયો છે. હા અમો બધા તો હુશૈન પટેલને મળી આવ્યા. હુશૈન પટેલ ભાગ્યશાળી છે. આવા કપરા કાળમાં આવો કહયાગરો પૂત્ર એમને ત્યાં જન્મયો.. તે જન્મેજ ને ભાઇ હુશૈન પટેલે એના જીવનમાં કયાં કોઇના સગપણ તોડાવ્યા હતા કે કયાં કોઇને પડતામાં પાટુ મારેલું. આવા ભલા માણસ ને ત્યાંતો આવો જ પૂત્ર જન્મે હુશૈન પટેલ ન્યાલ થઇ ગયા. કારમી ગરીબી એ માણસે જોઇ છે. હુશૈન પટેલની પત્ની આયશા ભાભીએ પણ મુંગે મોઢે ગરીબી વેઠી છે. આતો દિકરો જીદ્દા (સાઉદી અરેબીયા) ગયોને હુશૈન પટેલના નસીબ આડેથી પાદડું હઠી ગયુ ને બે પાંદડે થયા બાકી આયશા ભાભી કેવી પડે. બિચારી એ આપણું આ ગામ પુરૂ કયારેય જોયુ ન હોય. ભાઇ ભાગ્યમાં ઉપરવાળા એ જે લખ્યું હોય એમજ થઇને રહે.

ગામ લોકો ચોખે બેસીને હુશૈન પટેલની વાતો કરતા હતા તો હુશૈન પટેલ ના ઘરે માણસો ની અવર જવર તો ચાલુજ હતી. આવતી કાલે એઓ હજ પઢવા જઇ રહયા હતા. ઘરે આવનારાઓને હુશૈન પટેલ મીઠો મધુરો આવકાર આપતા તો મકબુલ પણ એના મિત્રો જોડે વાતોમાં વ્યસ્ત હતો. આયશા ચાચી અને પૂત્રવધુ નઝરાના ઘરકામમાં વ્યસ્ત હતાં.

હુશૈન ચાચાનો મકબુલ આમતો વધુ કંઇ ભણ્યો ન હતો. બારમું પાસ કરીને એણે ભણવાનું છોડી દીધુ હતું. પણ એનું ભાગ્ય જુવો એક અરબ શેઠ ના વૃધ્ધ માતા-પિતા ની સેવાચાકરીના બેઝ ઉપર એ છ સાત વર્ષો પહેલા જીદ્દા ગયો હતો અને માવતરની દુવા કહો કે કુદરતનો કરીશ્મો એ માલેતુજાર વયોવૃધ્ધ અરબ શેખની મકબુલે દિલો જાનથી સેવા કરી કે અરબ શેખ રાજી રાજી થઇ ગયા. એ અરબ શેખનો એકનો એક દિકરો જીદ્દા એરપોર્ટ ઉપર એક મોટો ઓફિસર હતો. વૃધ્ધ માતા-પિતા એક ભવ્ય બંગલામાં રહેતા હતા. એમને મકબુલની ખીદમત એટલી પસંદ પડી કે એના વિના એ અરબ દંપતી એક પલ પણ રહી ન શકતા અને યોગાનુયોગ તો જઓ એ વૃધ્ધ દંપતિ એ એના ઘરે નર્સ તરીકે રહેતી નઝરાના જોડે લગ્ન પણ કરાવી આપ્યા હતા. ગરીબ ગામડાનો ગરીબ ઘરનો મકબુલ કયારેય પોતાની માતૃ ભૂમિને ભૂલ્યો ન હતો. અરબ શેખ ને કહી ને પોતાના ગામના ઘણા બધા સેવા કાર્યો એણે કરાવ્યાં હતા. અને આ વર્ષે એ એના માવતરને હજ પઢવા લઇ જઇ રહયો હતો. અલબત્ત ટોટલ ખર્ચો તો પેલા અરબ શેખનોજ... નઝરાના આમતો કેરાલીયન હતી. લગ્ન મકબુલના જીદ્દામાં થયેલા એટલે એણે વતનમાં આવીને પ્રથમ કામ ગામ આખાને ધુમાડા બંધ બે દિવસ જમાડવાનું કર્યુ હતું. ગામ લોકો મકબુલની વાહ વાહ કરી રહયા હતા.

થોડી ઘણી મુલાકાતે આવનાર માણસોની અવર જવર ઓછી થતી ત્યારે મકબુલ એના પપ્પા પાસે હિંચકે આવીને બેસતો. બાપ દિકરાને આમ હિંચકે ઝુલતા જોઇને પુત્રવધુ નઝરાના પણ મનમાં મરક મરક હસી પડતી. મકબુલ એના પપ્પાને હેત ભરી નઝરે નીરખ્યા કરતો. હુશૈન ચાચા સામે એ ગરીબીના લાચારીના કપરા દિવસો આળસ મરડીને ખડા થતા. મકબુલ એમનો એક નો એક પૂત્ર હતો. આયશા ચાચી એ એને લાડ કોડમાં ઉછેરેલો.ભણવામાં મકબુલ કાચો પડતો પણ ગામની શાળાના શિક્ષકો હુશૈન ચાચાની શરમે ઉપર ચઢાવી દેતા.નવમા ધોરણ સુધીતો મકબુલ પાસ થતો રહયો પણ એસ.એસ.સી.માં નાપાસ થયો. બીજી ટ્રાયલે પાસ થયો અને બારમા સુધી ભણયો પણ ભણવામાં એ કાચોને કાચોજ રહયો. એને સામે છેડે હુશૈન ચાચાના જીગરી દોસ્ત ઇકબાલ નો દિકરો સમીર ભણવામાં હોશીયાર. ઇકબાલનું પરિવાર ખધેપીધે જરા સુખી એટલે સમીરને એમણે ઇંગ્લીશ મિડીયમમાં ભણાવેલો અને આજે એ સમીર વડોદરામાં એના સસરાની કેમીકલ ફેકટરીમાં ચિફ એન્જીનીયર છે. સમીર આમ તો છે ચીફ એન્જીનીયર પણ એના સસરાને એક જ દિકરી છે. બીજુ કોઇ સંતાન નથી એટલે સાથે કોલેજમાં ભણતા આ સમીર જોડે આ સમીરને પરણાવીને ઘરજમાઇ રાખી લીધો હતો. જયારે ઇકબાલભાઇ અહીં ગામડે એમની પત્ની જોડે રહેતા હતા. સમીરની પત્ની એકની એક એટલે લાડકવાયી. એને સાસુ સસરા દીઠેય ગમતા નહી. વચ્ચે ઇકબાલચાચા પત્નીના ગુઠણના ઓપરેશન માટે એક મહિનો દિકરાની સાસરીમાં રહી આવેલા ત્યારે પૂત્ર વધુનો કડવો અનુભવ એમને થયો હતો. એટલે એઓ ગામરેજ રહેતા. સમીર કદીક મા-બાપને મળવા એકલો આવી ચડતો માવતર મોટુ

મન રાખીને એને આવકારતા પણ અંદર ખાને બંને જીવ બાળતા એજ ઇકબાલચાચા એમના પરમ મિત્ર હુશૈનને મકબુલના ભણતર પ્રત્યે સાવધ રહેવાની સુચનાઓ આપતા રહેતા... પણ એજ સમીર ધીરે ધીરે એના મા-બાપને ભુલવા લાગ્યો હતો.

કયારેક હુશૈન પટેલ આગળ એ હૈયુ હળવું કરતા કહેતા પણ ખરા મિત્રહુશૈન તારો મકબુલ્યો તો ભાઇ લાખોમાં એક મેં મારા સમીરને ઉચ્ચ શિક્ષણ અપાવ્યું ભણાવ્યો ગણાવ્યો ને આજે એના સસરાના ખોળામાં જઇને બેઠો. યાર મિત્ર હુશૈન સાચેજ તું અને આયશા ભાભી ભાગ્યશાળી છો કે આવો પુત્ર તમને મળ્યો.

પપ્પા લો આ ચ્હા પી લો.. મકબુલે સામે ચ્હાનો કપ લઇને આવેલી નઝરાના પાસેથી કપ લઇને હુશૈન પટેલને આપ્યો ત્યારે એમની વિચાર યાત્રાનો અંત આવ્યો. હુશૈન ચાચા મનોમન વિચારતા કે પાક પરવર દિગારે કેવો પૂત્ર આપ્યો કે ગામ આખાના હૈયે વસ્યો છે.એ તો ઠીક ત્યાં પારકા પરદેશના અરબ દંપતીએ પણ એનો પોતાનો દિકરો બનાવી લીધો.. બાકી આવા કારમા કળજુગમાં માવતરની ખરા હૃદયે સેવા ચાકરી કરનારા કેટલા ? વિચારનો અંત આવે એમ ન હતો.. મુલાકાતીઓ પણ એકર બેકર આવતા હતા. હુશૈન ચાચા ખુશ ખુશાલ હતા. પવિત્ર જગ્યાઓ પ્રત્યક્ષ જોવાનો ઉમળકો એમના હૈયામાં ઉછળ કુદ કરી રહયો હતો.

પપ્પા હું અને નઝરાના જરા ગામમાં આંટો મારી આવીએ.. બપોરે જમી પરવાર્યા પછી મકબુલે પપ્પાને કહયું તો હુશૈન ચાચા બોલ્યા દિકરા મકબુલ જરા તારા દુલા મામાને પણ મળતો આવજે. વરસો પહેલા તારા એ દુલામામાએ આપણા ઉપર કરેલો ઉપકાર આપણે ભુલી જઇએ તો આપણે નગુણા કહેવાઇએ. હા હા પપ્પા હું એમના ઘેરજ જાઉ છું. આમ મારા દુલા મામાને તો હું વળી ભુલતો હોઇશ. હું ત્યાંજ જાઉ છું મકબુલ બોલ્યો. દુલા મામાનું અસલી નામ તો અહમદ હતુ. ગામના છેવાડે એક નાના એવા મકાનમાં રહતા હતા. સંતાનમાં એમને એક દિકરી હતી એ એના સાસરે સુખી હતી. ગામ લોકોએ એમનું હુલામણું નામ દુલામામા પાડયું હતુ ને ગામ આખામાં દુલા મામા જ પ્રચલીત થઇ ગયું હતુ. આવા ગરીબ એવા દુલામામાને આગણે મકબુલ અને નઝરાના બપોરે ત્રણ વાગ્યે પહોંચ્યા. મામા અંદર આવું કે ? આગણે ઉભા ઉભા મકબુલે વિવેક બતાવ્યો ઓહો દિકરા મકબુલ આવની દિકરા મામીએ મીઠો આવકાર આપ્યો. દુલા મામાને ઉમરના લીધે પગમાં દુખાવો હતો. જેવો મકબુલ ઘરમાં પ્રવેશ્યો કે દુલા મામા પથારીમાં બેઠા થયા આવની દિકરા આતો તારૂ ઘર છે. તારે વળી રજા લેવાની હોય. ? માંદલા શ્વરે વૃધ્ધ દુલા મામા બોલ્યા. મકબુલ દુલા મામા પાસે બેઠો નઝરાના મામી પાસે બેઠી. મામા આવતી કાલે સવારે અમો હજ પઢવા જઇ રહયા છીએ દુવા કરજો.. મકબુલ ભાણા અમારી દુઆ તમારી જોડે જ છે તારા મમ્મી પપ્પા પણ અમને મળવા આવેલા તારી માતો જતા જતા રડી પડી હતી કહે હું પરણીને આવી ત્યારે મારા ઘરમાં ચૂલા પાછળ મીઠું નોતુ અને આજે પાક પરવર દિગારે આલીશાન મહેલ જેવો બંગલો, ગાડી અને બધીજ સુખ સમૃધ્ધી આપી.. મેં તારી માને દિલાસો આપ્યો હતો કે આયશા ના રડ બહેન આવો જીવનમાં પૂનમ અને અમાસ તો આવતી જતી રહે. તો મામા મારી મમ્મીની વાત સાચીજ છે ને મકબુલ બોલ્યો મારા મમ્મી પપ્પા એ જીવનમાં ખુબ લીલી સુકી જોઇ છે. પણ મામા મારી તરકકીનો ખરો જશતો હું તમને જ આપૂ છું . યાદ કરો હું વિદેશ જવાનું વિચારતો હતો ગજવામાં એક રૂપિયો ન હતો તમે મને તમારી બે બકરીઓ વેચીને પાસપોર્ટ બનાવવા બે હજાર રૂપિયા ત્યારે આપ્યા હતા એ બધુ હું કંઇ ભુલ્યો નથી મામા ખરેખર જુવો તો તમે મને પાસપોર્ટ માટે પૈસા ન આપત તો હું આજે અહીં ગામડે પડયો રહેતે મકબુલે વાત પુરી કરી એટલે દુલા મામા બીડી સળગાવતા બોલ્યા મકબુલ ભાણા જવાદે એ બધી વાત મેં તો તને બે હજાર આપ્યા હતા એના બદલામાં તે અમારા માટે કેટ કેટલુ કર્યું તુ અમને કયારેય ભુલ્યો નહી એજ તારા માવતરના સારા સંસ્કાર. જવાદે એ બધી વાતો તારા મા-બાપને ખુબ ફેરવજે ખુબ સેવા કરજે... થોડી વાર બેસીને મકબુલે જવાની રજા માંગી મામા મામીની આંખો પણ ભીની થઇ. ઉઠતા ઉઠતા મકબુલે એક રૂપિયાથી ભરેલું કવર મામીના હાથમાં પકડાવ્યું અને મકબુલ નઝરાના દુલામામાના ઘરમાંથી નીકળ્યા. દુલામામા જતા મકબુલને કયાંય સુધી જોતા રહયા.

બીજે દિવસે વહેલી પ્રભાતે હુશૈન ચાચાના આંગણે ચાર ચાર બંગડી વાળી લકઝરી કાર ઉભી હતી. અમદાવાદ એરપોર્ટ પર પહોંચવાનું હતું. ગામ લોકો હુશૈન ચાચાને આંગણે ટોળુ વળ્યા હતા. સહુ અશ્રુભીની આંખે હુશૈન ચાચાના પરિવાર ને વિદાય આપવા આવ્યા હતા.

હુશૈન ચાચાના જીગરી દોસ્ત ઇકબાલ ચાચા પણ ઉભા હતા. પોતાનો દિકરો આજે માવતર ને છોડી વડોદરામાં સસરાના ખોળામાં બેઠો હતો અને આ તણખલા જેવો મીત્રનો પૂત્ર માવતરને હજ કરવા લઇ જઇ રહયો હતો એ આખુ દ્રશ્ય જોઇને ઇકબાલ ચાચાની આંખો પણ વરસી પડી હતી. ઇકબાલ ચાચાને રડતા જોઇને મકબુલ એમની પાસે ગયો અને કાનમા બોલ્યો ઇકબાલ ચાચા રડો નહીં તમો અને ચાચી આવતા વર્ષે હજ પઢવા મારા ખર્ચે જજો.. આટલુ કહી મકબુલ ગાડીમાં બેસી ગયો. સહુની આંખભીની હતી પણ ઇકબાલ ચાચા મરક મરક હસી રહયા હતા.

(સંપૂર્ણ વાર્તા કાલ્પનિક છે. )

...જીવન એક કસોટી...

**ખૂણે ખૂણે અહી કોક હરખાયેલું જીવે છે,**
**ને ખૂણે ખૂણે કૈંક તે ઘભરાયેલું જીવે છે,**
**સર્વે ડંફાસ છે અહી એકેએકનાં ઉદગારો,**
**નૂર અહી તો હરકોઇ અટવાયેલું જીવે છે.**

બાળક જન્મ લે છે ત્યારે તેની હથેળી ખાલી હોય છે. બાળક દુનિયામાં ખાલી હાથે આવે છે. પણ સમય અને સમજ તેને જીવનની વિવિધ પરિસ્થિતિઓનું ભાન કરાવી દે છે.અને પછી તે પરિસ્થિતિઓને આધારે જીવન જીવતાં શીખે છે.પણ પરિસ્થિથિતિઓને આધારે પણ જો જીવતાં ન શીખે તો તે જીવનમાં આગળ વધી શકતાં નથી. તે જે જો જીવનને સાર્થક બનાવવાનાં પ્રયાસો કરશે તો અવશ્ય તેને સફળતા પ્રાપ્ત થશે. જે વ્યક્તિ પોતાના જીવનને સાર્થક બનાવવાં ઇચ્છે તે જીવનમાં આદર્શો અને જીવનમૂલ્યો અને સંસ્કારોનો સહારો લેશે. અને જેણે પોતાનાં જીવનને ગેરમાર્ગે લઇ જઈ બરબાદ કરવા ઇચ્છે તો તે જીવનમાં કૂટેવો અને અસામાજિક બાબતો પોતાનાં જ જીવનમાં લાગુ કરશે.

જે પોતાનાં જીવનને પ્રેમ, દયા,લાગણી અને સદવિચારોને હવાલે કરે છે તે સફળતાની સર્વે ઉંચાઇને આંબી જાય છે અને જે પોતાનાં જીવનને નિર્દયતા,અપમાન,ધૃણા,અદેખાઇ,કિના - કપટ જેવાં બરબાદીનાં સંસાધનોનાં હવાલે કરે છે તે નિષ્ફળતાની ખાઇઓમાં સડતો રહે છે. મૂલ્યો અને સંસ્કારોની સાથે જીવન રાહતભર્યુ હોય છે જ્યારે અસામાજિક અને સમાજ અસ્વિકાર્ય બાબતો સાથે જીવનમાં અસહ્ય અંધાધૂંધી અને અરાજક્તા ફેલાય છે.જીવનનાં આ મહામૂલા અને કુદરતી સિધ્ધાંતને આપણે શા માટે ભૂલી જઇએ છીએ ? પેદા થવું એ મારા હાથમાં નથી , મૃત્યુ એ પણ મારા હાથમાં નથી, બલ્કે ક્યાં પેદા થવું અને કોને ત્યાં જન્મ લેવો એ પણ મારા હાથમાં નથી, અને મને- તમને અને દુનિયાનાં કોઇ પણ વ્યક્તિને પોતાનાં માતા-પિતા સિલેકટ કરવાનો પણ અધિકાર નથી તો આ જન્મથી લઇને મૃત્યુ સુધીનાં જીવનકાળને વ્યતિત કરવા માટે આટલાં ધમપછાડા કેમ ! જન્મથી લઇને મૃત્યુ સુધી તે જીવનનાં આ કાળ દરમ્યાન તે જે કઇક મેળવે છે અને ગુમાવે છે તે તેનાં કર્મો અને તેની વિચારોને આભારી છે.

આપણી શાળા મહાશાળાઓમાં જે ભણાવાય છે જીવનમાં કામ નથી આવતું અને જે કામ આવે એ અભ્યાસમાં નથી.અને સાચી બાબત એ છે કે, શાળા કક્ષાએ પ્રશ્નપત્ર પેહલાં આવે અને પછી પરિણામ આવે અને જિવનમાં પેહલાં પરિણામ આવી જાય અને પછી પરીક્ષાઓ આપવી પડે. આ જિંદગી ક્યારે કેવો વણાંક લે એ કોઇ કઇ શકતું નથી. શાળામાં પેપરો ફૂટી જવા એ શક્ય બાબત છે પણ જિવનની પરીક્ષાઓનાં પેપર કદી ફૂટતાં નથી.શાળામાં પેહલાં શીખવવામાં આવે છે પછી તેની પરીક્ષા લેવાઇ છે જ્યારે જિંદગી પેહલા પરીક્ષા લે છે પછી શીખવે છે. સુખ અને દુઃખને આપણે એકબીજાનાં વિરોધી માનીએ છીએ પણ વાસ્તવમાં એ બંને એકબીજાનાં વિરોધી નહી એ એકબીજાનાં પૂરક છે. આ એક કુદરતી નિયમ છે. સુખ પછી દુઃખ આવે અને દુઃખ પછી સુખ આવે. જિવનમાં ચઢાવ ઉતરાવ એ જીવનની ફિલસુફી નહી વાસ્તવિક્તા છે. વ્યક્તિનું આચરણ તેને કમતર અથવા મહાન બનાવે છે.

